EDII

Divya Bhaskar

March 23, 2022
Page No.07

### 10 દેશના સિંધી બિઝનેસમેન, પ્રોફેશનલ્સ ભાગ લેશે

# સૌપ્રથમ સિંધુ ગ્લોબલ સમિટ 10મી એપ્રિલે ભાટમાં યોજાશે

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

સિંધી સમુદાયના યુવાનોને શિક્ષિત-સશક્ત બનાવવા સાથે સિંધુ સંસ્કૃતિના પ્રચાર-પ્રસાર માટે ભારતમાં પહેલી વાર 10 એપ્રિલે ગ્લોબલ સિંધુ સમિટ (જીએસએસ) 2022નું આયોજન કરાયું છે. સિંધી સમુદાયની મોટી સંસ્થા ભારતીય સિંધુ સભાની યુથવિંગ આયોજિત આ એકદિવસીય વૈશ્વિક સમિટ અમદાવાદ નજીક ભાટ ખાતેની આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈ) ખાતે યોજાશે, જેમાં ભારત ઉપરાંત દુબઈ, હોંગકોંગ, સિંગાપુર, જર્મની, આયર્લેન્ડ, મસ્કત, યુકે, યુએસએ, નાઈજિરિયા અને યુગાન્ડાથી સિંધી બિઝનેસમેન, તથા પ્રોફેશનલ્સ ભાગ લેશે.